જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૨/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૩૬૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧ | ૧,૪૫,૩૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૭ કેસ કરી, ૧૦૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૧ લીટર દેશી દારૂ, ૯૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૩,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૩/૨૦૨૨**

**સાયબર ક્રાઈમઃ** હર્ષદ જયંતીલાલ પાઠક (ઉ.વ.૭૬) (રહે. અનમોલ ટાવર્સ ટેલીકોમ એક્સચેન્જ સામે નારણપુરા) એ તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે હર્ષદ પાઠક પર્ફેક્ટ એન્જીનિયર્સ નામથી ઈન્ડસ્ટ્રીયલ સ્પેરપાર્ટસનો ધંધો કરતા હોઈ તા.૨૭/૦૯/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન હર્ષદ પાઠકના મોબાઈલ ઉપર વોટ્સએપ ઉપર મોબાઈલ નંબર ૭૩૧૯૦૯૯૩૫૧, ૯૭૨૧૨૩૦૦૭૩, ૮૨૫૦૭૬૩૮૨૯ ના ધારકે આર્મી કેમ્પમાં એરકોમ્પ્રેસર ખરીદ કરવાના હોવાનો મેસેજ કરી તેમજ ફોન કરી આર્મી કેમ્પમાંથી બોલતા હોવાનુ જણાવી આર્મી મેન તરીકે પોતાની ઓળખ આપી આર્મી કેમ્પમાં નંગ-૫ એરકોમ્પ્રેસર ખરીદ કરવાનુ જણાવી વિશ્વાસ અને ભરોષો આપી આર્મીના નિયમ મુજબ ફાઇનલ કરતા પહેલાં ક્રેડીટ એડવાન્સ પેમેન્ટ પેટે તેઓના બેન્ક ખાતામાં અલગ-અલગ ઓનલાઈન રૂપિયા ૧,૪૨,૯૪૪/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ, તેમજ હર્ષદ પાઠકના બેંક ખાતા તેમજ ક્રેડીટકાર્ડની માહીતી મેળવી લઇ ખાતામાંથી રૂપિયા ૫,૧૭,૦૧૮/- ટ્રાન્સફર કરી લઈ કુલ રૂપિયા ૬,૫૯,૯૬૨/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.વાય.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૪/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** છારોડી અલાયા હાઈટ્સની બાજુમા છારોડી ગામના ખાંચામા સિગ્નેચર ઈન્ફીનીટી નામની નવી બનતી સાઈટની લેબર કોલોની ખાતે રહેતા અને ત્યા જ સાઈટ ખાતે કામ કરતા સુરેશભાઈ સ/ઓ જ્યોતિભાઈ વહોનીયા (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ-કાળી મહુડી તા.કારઠ જી.દાહોદ) તા.૩૦/૧૨/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે સાઈટના બ્લોક-એ ના પાંચમાં માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૫/૨૦૨૨**

**બાપુનગરઃ** જયંતિભાઈ કેશવલાલ પટેલ (ઉ.વ.૬૦) (રહે. કુદરત એપાર્ટમેન્ટ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૨/૨૦૨૨ બપોરના ૧૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૩૦/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહમદહનીફ મુસ્તફમીયા ચલાવે છે.

**વટવાઃ** રાનીકુમારી ડો/ઓ ગંગાસાગર કુશવાહા (ઉ.વ.૧૭) (રહે. હરિક્રિષ્ના રેસીડન્સી બિમલ ફાર્મ સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશભાઈ આણંદભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી